**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૪ ટકા

# શહેરના વિકાસ સાથે વિકસતી નશાખોરી

## શહેરના નબીરાઓના હોટસ્પોટ ગણાતાં રીલાયન્સ ચોકડી, ફલાયઓવર, પીડીપીયુ માર્ગ અને સે-૧ તળાવની પાસે દારૂ-સીગરેટ, ડ્રગ્સ અને અફીણ-ચરસ સહીતના નશીલા દ્રવ્યોનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં પોલીસની કડક કાર્યવાહી વચ્ચે પણ દારૂ અને ડ્રગ્સ સહિતના નશીલા પદાર્થો મળી રહ્યા છે. પાટનગરમાં અત્યાર સુધી મોટા પ્રમાણમાં દારૂ પકડાવાના બનાવો સામે આવ્યા છે. શહેરનું યુવાધન નશાખોરીના રવાડે ચડી રહ્યું છે. યુવાનો ફિલ્મોમાં દર્શાવવામાં આવતા ડ્રગ્સ તરફ વળી રહ્યા છે. શહેરમાં યુવા વર્ગ મુંબઈની ફેશન તરફ વળી રહ્યું છે. આજે નાની ઉંમરના વિદ્યાર્થીઓ અને અન્ય છોકરા, છોકરીઓ પણ સિગરેટ, હુક્કો, ગાંજો, અફીણ, ચરસ જેવા માદક દ્રવ્યોનો નશો કરતા થઈ ગયા છે.

પાટનગરમાં રાત્રી દરમિયાન ઈન્ફોસીટી વિસ્તારમાં, રિલાયન્સ ચોકડી વિસ્તારમાં અને હમણાં બનેલા ઘ-૦ અને ખ-૦ ફલાયઓવર વિસ્તારમાં ઉપરાંત સૂમસામ માર્ગો પર ગાડીઓમાં હુક્કાબાર અને નશીલા પદાર્થોનું સેવન ચાલી રહ્યું છે.

પોતાનું ગુજરાન ચલાવવા અને પોતાના મોજ શોખ પૂરા કરવા આ નશાયુકત પદાર્થના વેચાણ કરનારા કેરીયરો, દલાલો કે એજન્ટો આજના યુવાનોને નશાની લતે ચઢાવી મસ્ત મોટું કાવતરું કરી રહ્યા છે. નશાની લત લાગ્યા પછી નશો કરનાર વ્યકિત ચોરી, લૂંટ જેવા કોઈ પણ ગુના આચરી પૈસા મેળવી નશો કરતા થઈ જાય છે. આવા લોકોને ઘર, સગા સંબંધ, સમાજ, સોસાયટી, પોલીસ કે કાયદાનો ભય હોતો જ નથી.



અત્યારની યુવાપેઢીમાં છોકરા છોકરીઓ બંને મોજ-શોખ માણવા માટે નશીલા પદાર્થોનું સેવન કરી રહ્યા છે. ઈન્ફોસિટી અને રિલાયન્સ સર્કલ વિસ્તારમાં છોકરીઓ ખુલ્લેઆમ સિગારેટ પીતી નજરે ચઢે છે. વધારે પડતા ફોરવર્ડ લોકો પાટનગરમાં આવી પ્રવૃત્તિઓ કરીને શહેરને મુંબઈ સ્ટાઈલમાં ધકેલી રહ્યા છે. ગાંધીનગરમાં ગાંધીવાદી વિચારધારાનું અપમાન થઈ રહ્યું છે. દરરોજ મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો પોલીસતંત્ર દ્વારા પકડવામાં આવે છે. ઉપરાંત ગાંધીનગરમાં બહારના વિવિધ શહેરમાંથી અભ્યાસ અર્થે આવીને રહે છે. 'જેવી સંગત તેવું પરીણામ' માતા-પિતા તેમના બાળકોને સંસ્કાર આપે છે પરંતુ આજની યુવાપેઢી અને તેઓના મિત્ર વર્તુળની સંગતની અસરથી જ તેના જીવનમાં પરિવર્તન જોવા મળે છે.

સિગારેટમાં નશીલા પદાર્થો નાંખીને તેનું સેવન કરવામાં આવે છે. હુક્કા ઈલેકટ્રોનિક સગડીમાં નશીલા પદાર્થો નાંખીને તેનું સેવન કરાઈ રહ્યું છે. ઉપરાંત અલગ અલગ ફેવરના પીણાઓનું ખાનગી માર્કેટ ચાલી રહ્યું છે.

બર્થ ડે સેલિબ્રેશન, પાર્ટીઓ, મોજ-શોખ દરમિયાન યુવાનો દ્વારા દારૂ સહિત વિવિધ પીણાંઓનું સેવન થઈ રહ્યું છે.

નશાની દુનિયા તમારા ઘરથી દૂર હશે પણ એ નશો કરનાર શું તમારા દીકરા કે દીકરીઓ તો નથી ને? જે મિત્રો સાથે પાર્ટીમાં કે ફરવા જતા હોય તેનું ખાસ ધ્યાન રાખશો. 'જેમ દગો કોઈનો સગો નહી' એમ જ 'નશો અને નશો કરનાર વ્યકિત કોઈનો સગો નહી' એવું ચોકકસ કહી શકાય. નશાની આ લત ભાવિ પેઢીની દિશા અને દશા બદલી નાખશે. તેના માટે સામાજીક જાગૃતિ, પારીવારિક દરકાર અને યુવાનોમાં સાચી સમજણના બીજ રોપાય તો જ વધતી જતી નશાની બદીને અટકાવી શકાશે.

## સે-૩ ન્યુ ખાતે રખડતા ઢોરના ત્રાસથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા.૧૧


શહેરના સેકટર-૩ ન્યુ ખાતે રખડતા ઢોરના ત્રાસથી રહીશો ત્રસ્ત બની ગયા છે. ઢોરને પગલે સેકટરમાં ઠેરઠેર ગંદકીનું સામ્રાજય સર્જાયું છે. આખલાઓ લડતા રહીશો પોતાના બાળકોને રમવા માટે પણ બહાર મોકલી શકતા નથી તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.



સેકટરને ઢોર મુકત બનાવવા માટે વસાહત મંડળ દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરાઈ છે.

ગાંધીનગર શહેર સ્માર્ટ સીટી બનવા તરફ જઈ રહ્યું છે. ત્યારે શહેરના પ્રાણ પ્રશ્નોનો હજુ સુધી નિકાલ આવ્યો નથી. શહેરમાં રખડતા ઢોર તેમજ દબાણ, ગંદકી મુખ્ય પ્રશ્ન છે. ત્યારે સેકટર-૩ ન્યુ ખાતે રખડતા ઢોરનો ત્રાસ ખુબ જ વધી જવા પામ્યો છે. માર્ગ વચાડે અડીગો જમાવી બેસતા ઢોર વાહન ચાલકો માટે અડચણ રૂપ બની રહ્યા છે. આખલાઓની લડાઈમાં કેટલાક નાગરીકોની કારને નુકશાન થવા પામ્યું છે. સેકટરની આસપાસ ઝુંપડપટ્ટી મોટા પ્રમાણમાં વધી જવા પામી છે. તો બીજી તરફ સેકટરની ફરતે દિવાલ બનાવતા કોન્ટ્રાકટરોએ મોટા છીંડા મુક્યા છે. જેમાં ઢોર સહિત અસામાજીક વ્યકિતઓ પણ સેકટરમાં પ્રવેશ કરે છે. ઢોરને પગલે સેકટરમાં ગંદકીનું પ્રમાણ વધતા મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. છેવાડાનું સેકટર તેમજ આસાપાસમાં જંગલ વિસ્તાર આવેલા હોવાથી પશુઓ ઝડપી અંદર આવી જાય છે. જેથી સેકટરના રહીશોને ઢોરવાડામાંથી મુકિત અપાવવા વસાહત મહામંડળના પ્રમુખ જયેશ આગજાએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

## ચ-૫ સર્કલે ટ્રાફિક સિગ્નલ 'ગ્રીન' થાય તેની ખબર જ પડતી નથી...!!



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક સિગ્નલ ઘણા સમયથી કાર્યરત કરાયા છે જેની હવે વાહનચાલકોને આદત પણ પડવા લાગી છે. જો કે હજુ પણ માટો ભાગના ટ્રાફિક સિગ્નલ્સ પીકઅવર્સ દરમિયાન જ ચાલુ રાખવામાં આવે છે. શહેરના 'ચ' માર્ગ પર ચ-૫ સર્કલ ખાતેનું ટ્રાફિક સિગ્નલ વાહનચાલકોને જોવામાં વચ્ચે વૃક્ષની ડાળીઓ નડતી હોવાથી મુશ્કેલ પડી રહ્યું છે.

શહેરના 'ચ' માર્ગ પર જિલ્લા પંચાયત તરફથી ચ-૫ સર્કલ તરફ જતા સર્કલે જે ટ્રાફિક સિગ્નલ લગાડાયેલા છે તેન જોવામાં વાહનચાલકોને તકલીફ પડી રહી છે. ચ-૫ સર્કલની આસપાસના સેકટરના કોર્નર પર જે વૃક્ષો છે તેની ડાળીઓ આ ટ્રાફિક સિગ્નલ જોવામાં આડી આવી રહી છે. આ કારણે રેડ સિગ્નલ ગ્રીન થઈ જાય છતાં આગળ ઉભેલા વાહનચાલકોને ઘણીવાર ખબર પડતી નથી તેથી તેઓ જેમના તેમ ઉભા રહે છે જેના કારણે પાછળના વાહનચાલકો અકળાઈને હોર્ન વગાડવાનું શરૂ કરી દે છે કેમકે ગ્રીન સિગ્નલ મર્યાદિક સેકન્ડસ માટે ખુલે છે જે ઝડપથી રેડ થઈ જાય એટલે વાહનચાલકોને ફરી ગ્રીન થાય ત્યાં સધી ઉભા રહેવાનો વારો આવે. સત્વરે આ સર્કલ સહિત શહેરના તમામ ટ્રાફિક સિગ્નલ્સ વાહનચાલકોને સ્પષ્ટ રીતે દેખાય તેવા છે કે નહીં તેની તકેદારી તંત્રએ લેવી જોઈએ તેવું વાહનચાલકોનું માનવું છે.

## ગુજરાતનું ગૌરવ



ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ સોશિયલ વર્ક એન્ડ લો ઓનર્સની ડીગ્રી મેળવનાર વિદ્યાર્થી સૌમ્ય સતિષ રાવલને ઓસ્ટ્રિયાના પાટનગર વિયેનામાં આવેલી સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટીની આશરે રૂ.૫૦ લાખની માસ્ટર્સ ડિસ્ટિકશન સ્કોલરશિપ ઓફર થઈ છે.

## 'જીવદયા એ જ પ્રભુસેવા' સૂત્રને સાર્થક કરતા સે-૨૭ના રહીશો



ગાંધીનગર, તા.૧૧

ગાયત્રીનગર, સેકટર-૨૭ના રહીશોએ જીવદયા એ જ પ્રભુસેવા સૂત્રને સાર્થક કર્યું હતું. છેલ્લા ૧૫ થી ૧૬ દિવસ ગાય બિમાર થઈને કણસતી હોવાને કારણે તેના માલિક દ્વારા તરછોડી દેવાઈ હતી જે સોસાયટીના રહીશો દ્વારા તેની સાર સંભાળ રાખવામાં આવી હતી. વોર્ડ નં. ૩ના ભાજપ ઉમેદવાર સોનાલીબેન પટેલને જાણ કરતા ગાયને વધુ સારવાર અને રહેવા માટે રૂપાલ ગૌશાળામાં એમ્બ્યુલન્સવાન દ્વારા પહોંચાડી હતી. આ જોતા સોનાલીબેને મુંગા પશુ પક્ષીઓને મદદરૂપ થવા માટે વોર્ડ.નં. ૨, સેકટર-૨૪, ૨૭ અને ૨૮ માટે સંપર્ક નંબર ૯૪૨૮૦ ૦૦૭૭૬ જાહેર કર્યો છે.

## સ્વર્ણિમ સ્માર્ટઅપ યુનિવર્સિટી ખાતે ઓકિસજન પ્લાન્ટનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૧

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર અંતર્ગત અરિહંત આયુર્વેદિક અને હોમીયોપેથીક હોસ્પિટલ ખાતે સરકાર માન્ય ઓકિસજન પ્લાન્ટનું લોકાર્પણ અને ખાતમુહુર્ત યોજાયું હતું. વિકાસ દિવસ નિમિત્તે ઓકિસજન પ્લાન્ટનું વર્ચ્યુઅલ ઉદઘાટન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરાયું હતું. જેમાં ૧૧૫ જેટલા ઓકિસજન પ્લાન્ટને રાજયની પ્રજા માટે ખુલ્લા મુકાયા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે આધુનિક ટેકનોલોજીથી ચાલતું ગુજરાત અપેક્ષિત કોરોના લહેરનો મુકાબલો કરવા સક્ષમ છે. આ પ્રોગ્રામમાં હસમુખભાઈ પટેલ (મેમ્બર ઓફ પાર્લામેન્ટ), શંભુજી ઠાકોર (એમએલએ ગાંધીનગર), લલિતસિંહ ઠાકોર (હેલ્થ કમિટી ચેરમેન), ડૉ. કુલદીપ આર્ય (આઈએએસ), સુરભી ગૌતમ (ડીડીઓ), ડૉ. એમ.એચ. સોલંકી (ચીફ ડિસ્ટ્રિકટ હેલ્થ ઓફિસર) ઉપસ્થિત રહ્યા હતા.

## સેક્ટર-૧ થી ૫ માં જરૂરી સુવિધાઓનો અભાવ

ગાંધીનગર, તા. ૧૧

વિકાસની હરોળમાં ચાલતા ગાંધીનગરમાં સેક્ટર-૧ થી સેક્ટર-૫ માં વસાહતીઓને જરૂરી સુવિધાઓનો અભાવ જણાતા ફરિયાદો ઉઠી રહી છે. બે દાયકા જેટલો સમય વિતી જવા છતા કેટલીક સુવિધાઓ પ્રાપ્ત થઈ નથી. આ સેક્ટરોમાં સરકારી માધ્યમિક શાળા, પોસ્ટ ઓફિસ, રંગમંચ, લગ્નહોલ, પોલીસ ચોકી વગેરેની સુવિધા નથી તેથી વસાહતીઓ દ્વારા આ સુવિધાઓ મળવી જોઈએ તેવી માંગ કરવામાં આવી હતી. એમ વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્ર પારેખે જણાવ્યુ હતુ.

## ૧૫મી ઓગષ્ટે પંચદેવ મંદિર ખાતે વેક્સિનના હિંડોળા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણ સુદ સાતમને રવિવારે 'વેક્સિનના હિંડોળા' તથા 'મહાઆરતી'નું આયોજન કરાયું છે. સાંજે ૬.૩૦ કલાકે નીલકંઠ શાસ્ત્રી દ્વારા મહાઆરતીનું આયોજન કરાયુ છે. જેમાં સર્વે ભક્તોને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

## આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'વિદ્યા અભ્યાસ ઉપકરણ'ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્યામ ઘટાના યોજાશે.

# શહેરના બજારોમાં રંગબેરંગી રાખડીઓનું આગમન

## રાખડી વીથ બ્રેસલેટ, ડાયમંડ-મોતીની રાખડીઓ અને કાર્ટુન કેરેકટરવાળી રાખડીઓનું આકર્ષણ

ગાંધીનગર, તા.૧૧

રક્ષાબંધન પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે બજારોમાં અવનવી રાખડીઓનું આગમન થઈ ચુકયું છે. રંગબેરંગી અને વિવિધ મટીરીયલ્સથી સજાવવામાં આવેલી રાખડીઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે. જો કે બજારોમાં હજુ જોઈએ તેટલી ઘરાકી નથી.

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક ગણાતા રક્ષાબંધનના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે આગામી ૨૨ ઓગસ્ટના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરાશે ત્યારે હાલમાં શહેરના વિવિધ બજારોમાં અવનવી રાખડીઓનું આગમન થઈ ચુકયું છે. સેકટર-૨૧, સેકટર-૨૪, સેકટર-૭ના બજારોમાં રાખડીનું વેચાણ દર વર્ષે મોટા પાયે થાય છે. ભાઈની રક્ષા થાય તેવા શુભ આશયથી બહેન દ્વારા ભાઈને બંધાતી રક્ષાનું પર્વ દર વર્ષે શ્રાવણી પૂનમે ઉજવવામાં આવે છે. આ દિવસે દાન પુણ્ય કરવાનું મહત્વ પણ છે. બ્રાહ્મણો દ્વારા આ દિવસે જનોઈ બદલવામાં આવે છે. આ વખતે રાખડીમાં અનેક નવી નવી વેરાયટી પણ જોવા મળી રહી છે. હાલમાં બજારોમાં રૂપિયા ૧૦ થી લઈ ૪૦૦ સુધીના ભાવની અલગ અલગ ફેન્સી રાખડીઓ જોવા મળી રહી છે. જો કે હજુ સુધી



રાખડીઓનું ખાસ વેચાણ જોવા મળ્યું નથી અને બજારમાં હજુ જોઈએ તેવી ઘરાકી થઈ નથી. કયાંક અમેરીકન ડાયમંડ તો કયાંક જરદોસી વર્કવાળી તો કલકમી બુટીની, સુખડની અને કુંદનના નંગ વાળી એવી અનેક રાખડીઓનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. રૂદ્રાક્ષ, ટેડીબીયર, રાજસ્થાની રાખડીઓ જોવા મળી રહી છે. રાજસ્થાની લુક ધરાવતી કડા રાખડી અને ચોટલા રાખડીમાં ખાસ પ્રકારના મટિરિયલ્સનો ઉપયોગ કરાયો છે. જેવા કે મોતી-ઘૂઘરા-ઊન વગેરે જે રાખડીઓ રક્ષાબંધન પછી પણ પહેરી શકાય એ પ્રકારની છે. બાળકો માટે સ્પાઈડરમેન, ડોરેમોન, મિકીમાઉસ, રંગબેરંગી લાઈટોવાળી રાખડી, પ્રાણીઓના ચિત્રોવાળી રાખડી, કાર્ટૂનવાળી રાખડીઓએ બજારમાં આકર્ષણ જમાવ્યુ છે. નણંદ પોતાની ભાભીને બાંધતી લુમ્બા રાખડી વીથ બ્રેસલેટનું વધારે આકર્ષણ જોવા મળે છે. જેમાં નાના મોતીઓનું બ્રેસલેટ અને પછી લુમ્બા મારફત લટકણની રચના જોવા મળે છે. રાખડી કવર ડિઝાઈનીંગ ડીશની પણ જમાવટ જોવા મળી રહી છે.

ભાઈને બાંધવાની રાખડી બહેન દ્વારા એકાદ સપ્તાહ પહેલાં જ ખરીદી લેવાય છે અને ધંધા વ્યવસાય અર્થે બહાર રહેતા ભાઈને રાખડી પોસ્ટ કે કુરિયર મારફતે મોકલી આપવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે રક્ષાબંધનના તહેવાર પર મોંઘવારીની અસર જોવા મળી રહી છે. પેટ્રોલિયમ પ્રોડકટોના ભાવમાં વધારો અને મજૂરીના દરમાં વધારો જેવા પરિબળોને કારણે રાખડીઓના ભાવમાં પણ વધારો થયો છે. જો કે જયારે વાત આવે છે તહેવારોની તો લોકો મોંઘવારી પણ જોતા નથી એ પણ હકીકત છે. હાલ વિશ્વભરમાં કોરોનાની મહામારી વચ્ચે કોરોના સામેની જંગ લડવા અને તેની સામે લડત મેળવવા માટે વેકિસન જ એક ઉપાય છે ત્યારે આ વર્ષે વેકિસન રાખડી પણ ટ્રેન્ડમાં છે. રક્ષાબંધન નિમિત્તે બહેન તેના ભાઈના હાથમાં વેકિસનની રાખડી બાંધીને ભાઈને કોરોના સામે લડવાની શકિત આપશે. ઉપરાંત ગોલ્ડ, સિલ્વર તેમજ ડાયમંડની રાખડીઓ પણ જવેલરી શૉ રૂમમાં જોવા મળે છે. એમેઝોનથી લઈને ઓનલાઈન, વેબસાઈટમાં સસ્તા દરે કસ્ટમાઈઝ રાખડી મળે છે. જેમાં ભાઈના નામની રાખડી બહેનો બનાવડાવે છે તે સાથે જ ભાઈ-બહેનના ફોટાવાળી રાખડીઓ ઓનલાઈન ટ્રેન્ડમાં છે.

## જન્મદિને વધામણી



ધિગેશ વિનોદ જોષી
મો. ૯૯૧૩૮ ૮૨૫૦૯



શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસ
સ્વામિનારાયણ ગુરુકુલ, સે. ૨૨/૨૩




યશરાજ ધર્મેન્દ્ર કાપડીયા
મો. ૯૪૨૭૦ ૦૮૩૫૭



સુરજ મુંજાણી
મો. ૭૨૦૧૯ ૧૭૪૯૦



ક્રિશા પંકજકુમાર શ્રીમાળી
મો. ૭૦૪૩૦ ૩૫૧૦૫



લીરલબા વાઘેલા
સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯



અરૂણાબેન સુરેશભાઈ ઠાકોર



ઉમેશચંદ્ર પી. વ્યાસ
મો. ૭૯૮૪૦ ૫૦૩૪૬



હેમંત સિંહ ગોહિલ
મો. ૭૦૯૬૨ ૩૬૧૫૪



વીનલ ઠાકર



રેખા રાવલ
મો. ૯૬૦૧૨ ૫૬૫૩૮




અશોકભાઈ ઉપાધ્યાય

## બી.એડ. કોલેજોમાં ઓનલાઈન આવકારોત્સવ

ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ. કોલેજમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે ઓનલાઈન આવકારોત્સવનું આયોજન કરાયુ હતુ. આ કાર્યક્રમનું આયોજન પ્રતિભાબેન દિક્ષિત તથા કાજલબેન ગજ્જર દ્વારા કરાયુ હતુ. જેમાં દરેક તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

## સમર્પણ કોલેજ ખાતે 'ઊડાન'નું વિમોચન




ગાંધીનગર, તા.૧૧

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વાર્ષિક સામાયિક 'ઊડાન'નું પ્રાગટય કરાયું હતું. આ કાર્યક્રમમાં અનિલ ચૌધરી (લેફટનન્ટ કર્નલ), મહેન્દ્રસિંહ વાઘેલા (ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી), એમ.ડી. પાંડે, દિપક પંડયા, પંકજ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. રીતુ સકસેના (કોલેજ પ્રિન્સિપાલ)એ વિદ્યાર્થીઓ સાથે ભૂતકાળના સંસ્મરણો વાગોળી આવનાર વર્ષમાં કોરોના મહામારીથી છૂટકારો મેળવી કોલેજમાં પહેલાંની જેમ ઓફલાઈન શિક્ષણ શરૂ થાય તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘેલા સજનબા રઘુવીરસિંહ, ઉ.વ. ૭૭, સેકટર-૨
- સ્વ. પ્રજાપતિ પોપટલાલ પ્રભુદાસ, ઉ.વ. ૮૮, સેકટર-૨૪

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પરમાર નરેન્દ્રકુમાર બેચરભાઈ, ઉ.વ. ૬૧, સેકટર-૫